શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
SHRI K. P. SANGHVI HOSPITAL
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
ડાયાલીસીસ વિભાગ
(સહયોગી સૌજન્ય - શ્રી પંકજભાઈ કાપડીયા)
શહેરના કીડની રોગની તકલીફ ધરાવતા જરૂરીયાતમંદ દર્દીઓ માટે સંસ્થા સંચાલિત ડાયાલીસીસ વિભાગમાં ઘર જેવું સુવિધામય, સ્વચ્છ, નિરામય વાતાવરણ અને અદ્યતન સાધનોથી સુસજ્જ ડાયાલીસીસની સારવાર ખૂબ જ નજીવા દરે તથા સરકારશ્રીની PMJAY યોજના હેઠળ વિનામૂલ્યે સારવાર ઉપલબ્ધ. જેનો જાહેર જનતાએ લાભ લેવા વિનંતી.
24 x 7 ઈમરજન્સી સારવાર માટે વિનામૂલ્યે એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ
(સૌજન્ય - શ્રી પંકજભાઈ કાપડીયા)


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
ઘૂંટણનો દુ:ખાવો
ઘૂંટણ ના ઘસારા Osteoarthritis
DTRT, ઉપનાહ સ્વેદન, લેપન, વેધાગ્નિકર્મ, પંચકર્મ, EKL પંચકર્મ, પટ્ટબંધન, અગ્નિકર્મ, ક્ષારકર્મ, વેધનકર્મ (વિધ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત: 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
ભરૂચ: એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo.: 75748 61866
બારડોલી: અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo.: 75748 61853

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ સુદ છઠ રવિવાર ૧૯ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૨૮

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦

# આર્જેન્ટિના અને સ્પેન વચ્ચે આજે મધરાતે મહાયુદ્ધ

**ફિફા** વર્લ્ડ કપ ફાઇનલ: આર્જેન્ટિના સતત બીજી વખત વર્લ્ડકપ જીતવાના ઈરાદે ઉતરશે જ્યારે સ્પેન 16 વર્ષ પછી ટ્રોફી જીતવા માગશે

**૩૯** વર્ષના મેસી અને ૧૯ વર્ષના યામેલ વચ્ચે જોવા મળશે બે પેઢીઓનો જંગ નંબર 1 અને નંબર 2 ટીમો 34 વર્ષ પછી ફાઇનલમાં સામસામે

વોશિંગ્ટન, તા. 18: ન્યુ જર્સીના મેટલાઇફ સ્ટેડિયમમાં રમાનારી ફીફા વર્લ્ડકપ 2026ની ફાઇનલ મેચ માટે મંચ સંપૂર્ણ રીતે તૈયાર થઈ ચૂક્યો છે. આ ખિતાબી મુકાબલામાં દુનિયાના સર્વશ્રેષ્ઠ આક્રમણ વાળી આર્જેન્ટિનાની ટીમનો સામનો સ્પેનની એ ટીમ સામે થશે જેની ડિફેન્સ એટલે કે રક્ષણની મજબૂતીનો કોઈ તોડ નથી. આ મેચમાં રમતની બે અલગ-અલગ શૈલીઓ વચ્ચે જોરદાર ટક્કર જોવા મળશે.

ટૂર્નામેન્ટના ઇતિહાસમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી લિયોનલ મેસીની આગેવાની હેઠળની ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિના રવિવારે સ્પેનની મજબૂત રક્ષણાત્મક ટીમ સામે ટકરાશે. સ્પેન પાસે 19 વર્ષનો યુવા સ્ટ્રાઈકર લામિન યામેલ છે, જ્યારે આર્જેન્ટિના પાસે 39 વર્ષના અનુભવી લિયોનલ મેસી છે. આ મેચ એક રીતે બે

...અનુસંધાન પાના 11 પર



### મેચનો સમય અને સ્થળ

આ ઐતિહાસિક ફાઇનલ મેચ ન્યૂયોર્ક, ન્યુ જર્સીના મેટલાઇફ સ્ટેડિયમમાં ભારતીય સમય મુજબ રવિવારની મધ્યરાત્રીએ 12.30 વાગ્યે શરૂ થશે.

### વર્લ્ડકપમાં વિજેતાને મળશે રૂ. 400 કરોડથી વધુ

ગયા ડિસેમ્બરમાં, ફીફાએ 2026ની ટૂર્નામેન્ટ માટે 655 મિલિયન ડોલર (આશરે રૂ. 5493 કરોડ)ના રેકોર્ડ પ્રાઇઝ ફંડની જાહેરાત કરી હતી, જે ચાર વર્ષ પહેલાં કતારમાં યોજાયેલી અગાઉની આવૃત્તિ કરતાં 50 ટકાનો વધારો દર્શાવે છે. સ્પેન અને આર્જેન્ટિના વચ્ચે રવિવાર,

...અનુસંધાન પાના 11 પર

### બંને ટીમોની રોડ ટુ ફાઇનલ:

**સ્પેનની ફાઇનલ સુધીની સફર:**
સ્પેનની ટીમે ફાઇનલ સુધી પહોંચવા માટે કુલ 6 મેચમાં જીત મેળવી છે અને 1 મેચ ડ્રો રહી છે. આ ટૂર્નામેન્ટમાં સ્પેને કુલ 13 ગોલ કર્યા છે અને માત્ર 1 ગોલ ખાધો છે, જે દર્શાવે છે કે તેમનું ડિફેન્સ કેટલું મજબૂત છે.

**ગ્રુપ સ્ટેજ:**
કેપ વર્ડે સામે 0-0 થી ડ્રો
સાઉદી અરબ સામે 4-0 થી જીત
ઉરુગ્વે સામે 1-0 થી જીત
નોકઆઉટ સ્ટેજ:
ઓસ્ટ્રિયા સામે 3-0થી જીત
પોર્ટુગલ સામે 1-0થી જીત
બેલ્જિયમ સામે 2-1થી જીત
સેમિફાઇનલ: ફ્રાન્સ સામે 2-0થી જીત

### આર્જેન્ટિનાની ફાઇનલ સુધીની સફર

વર્તમાન ચેમ્પિયન આર્જેન્ટિના પોતાના તમામ 7 મુકાબલા જીતીને ફાઇનલમાં પહોંચ્યું છે. આર્જેન્ટિનાએ ટૂર્નામેન્ટમાં સૌથી વધુ 19 ગોલ કર્યા છે અને 7 ગોલ ખાધા છે, જે તેમનું આક્રમણ કેટલું શક્તિશાળી છે તે સાબિત કરે છે.

**ગ્રુપ સ્ટેજ:**
અલ્જીરિયા સામે 3-0થી જીત
ઓસ્ટ્રિયા સામે 2-0થી જીત
જોર્ડન સામે 3-1થી જીત
નોકઆઉટ સ્ટેજ:
કેપ વર્ડે સામે 3-2થી જીત
મિસ્ત્ર સામે 3-2થી જીત
સ્વિટ્ઝરલેન્ડ સામે 3-1થી જીત
સેમિફાઇનલ: ઇંગ્લેન્ડ સામે 2-1થી જીત

## પીઠ ચળવળકારના અનશનના ૨૧મા દિવસે દિલ્હી પોલીસ હરકતમાં આવી

# સોનમ વાંગચુકને બળપૂર્વક હોસ્પિટલમાં ખસેડાયા

**પરીક્ષાઓમાં** ગેરરીતિઓ સહિતના મુદ્દે ભૂખ હડતાળ પર ઉતરેલા આ પીઢ ચળવળકારને સફદરજંગ હોસ્પિટલમાં ખસેડાયા

**તેમની** સાથે અનશન પર ઉતરેલા AISAના ત્રણ કાર્યકરોને પણ બળપૂર્વક હોસ્પિટલમાં ખસેડવાનો પોલીસનો પ્રયાસ નિષ્ફળ રહ્યો

નવી દિલ્હી, તા. ૧૮(પીટીઆઈ): આંદોલનકારી સોનમ વાંગચુકની ભૂખ હડતાળના ૨૧મા દિવસે તબિયત બગડતાં શનિવારે તેમને અહીં જંતર-મંતરથી સફદરજંગ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે આ માટે તબીબી સલાહ અને દિલ્હી હાઈકોર્ટના નિર્દેશોનો હવાલો આપ્યો હતો.

ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ(નવી દિલ્હી) સચિન શર્માએ પીટીઆઈને જણાવ્યું હતું કે, હાઈકોર્ટના નિર્દેશો અનુસાર વાંગચુકની તબિયત બગડ્યા બાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને તેમને જરૂરી તબીબી સારવાર આપવામાં આવી રહી છે. હોસ્પિટલના સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, ડૉક્ટરો દ્વારા વાંગચુકની તપાસ કરવામાં આવી રહી છે. એક સૂત્રએ જણાવ્યું કે, " સોનમ વાંગચુકને જરૂરી સ્વાસ્થ્ય સારવાર માટે સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. લાંબા સમય સુધી ઉપવાસ અને ડિહાઈડ્રેશનના કારણે તેઓ નબળા પડી ગયા છે. જો કે હાલમાં તેમની સ્થિતિ સ્થિર છે, પરંતુ તેમના શરીરના માપદંડોને સામાન્ય કરવા માટે સતત દેખરેખ અને સારવારની જરૂર છે.

દિલ્હી પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, નિષ્ણાત તબીબી સલાહ અને હાઈકોર્ટના આદેશોના પાલનમાં વાંગચુકને આવશ્યક તબીબી સંભાળ માટે ખસેડવામાં આવ્યા હતા. તેમાં ઉમેરવામાં આવ્યું છે કે, કેટલાક પ્રદર્શનકારીઓએ આ પ્રક્રિયામાં અવરોધ ઊભો કરવાનો

...અનુસંધાન પાના 11 પર



### પોતાને પોલીસે માર માર્યો હોવાનો દિપ્કેનો આક્ષેપ

પોલીસની આ કાર્યવાહી બાદ તરત જ, કોકરોચ જનતા પાર્ટી (CJP) ના સ્થાપક અભિજીત દીપ્કેએ આરોપ લગાવ્યો હતો કે પ્રદર્શનકારીઓ પર પોલીસે બળપ્રયોગ કર્યો હતો. દીપ્કેએ X પર એક પોસ્ટમાં જણાવ્યું કે, મને દિલ્હી પોલીસ દ્વારા માર મારવામાં આવ્યો છે અને અટકાયતમાં લેવામાં આવ્યો છે. દીપ્કેએ કહ્યું કે તેઓ એક મિત્રના ઘરે ફ્રેશ થવા ગયા હતા અને આરોપ લગાવ્યો કે પોલીસે તેમને માર માર્યો અને થોડા સમય માટે અટકાયતમાં રાખ્યા. તેમણે પોલીસની આ કાર્યવાહી સામે દેશભરમાં વિરોધ પ્રદર્શન કરવા હાકલ કરી હતી.

### અનશન પર ઉતરેલાઓની સ્થિતિ જોખમી હોવાનું જણાવતા ડોક્ટરો

શુક્રવારે ડોક્ટરોએ જણાવ્યું હતું કે ભૂખ હડતાળની શરૂઆતથી વાંગચુકનું વજન લગભગ ૯.૫ કિલો ઘટી ગયું છે, જ્યારે તેમનું બ્લડ પ્રેશર અને બ્લડ શુગર લેવલ સતત દેખરેખ હેઠળ રાખવામાં આવ્યું છે. AISA કાર્યકરોના સ્વાસ્થ્યમાં પણ બગાડ થયો હતો. છેલ્લી અપડેટ મુજબ, નેહાનું રેન્ડમ બ્લડ શુગર લેવલ ઘટીને ૪૯ mg/dL ના ગંભીર સ્તરે પહોંચી ગયું હતું, આમીને તેના શરીરનું લગભગ ૧૪ ટકા વજન ગુમાવ્યું હતું અને તીવ્ર ડિહાઇડ્રેશનને કારણે તેને 'હાઈપોવોલેમિક શોક'(લોહી કે પ્રવાહીની ભારે અછત)નું જોખમ હતું. મનીષે ૧૦ કિલોથી વધુ વજન ગુમાવ્યું હતું અને તે બેભાન થવાની અણી પર હતો.

### સીજેપી સ્થાપક પર મહિલાએ શાહી ફેંકી

**દીપકે** અડગ રહ્યા, કહ્યું 'વાદળી મારો રંગ છે'



નવી દિલ્હી, તા. ૧૮ (પીટીઆઈ): કોકરોચ જનતા પાર્ટી (સીજેપી) ના સ્થાપક અભિજીત દીપકે શનિવારે જંતર-મંતર ખાતે તેમની અચોક્કસ મુદતની ભૂખ હડતાળની જાહેરાત કરી રહ્યા હતા ત્યારે એક મહિલાએ તેમના પર વાદળી શાહી ફેંકી હતી. જોકે, તેઓ જરાય વિચલિત થયા નહોતા અને તેમના સમર્થકોને શાંત રહેવાની અપીલ કરતાં કહ્યું હતું કે, "વાદળી મારો રંગ છે, જય ભીમ." આ ઘટના ત્યારે બની જ્યારે દીપકે સમર્થકોને સંબોધિત કરી રહ્યા હતા અને તેમની અચોક્કસ મુદતની ભૂખ હડતાળ શરૂ કરવાની જાહેરાત કરી રહ્યા હતા. આના થોડા કલાકો પહેલા જ કાર્યકર્તા સોનમ વાંગચુકને તેમની ભૂખ હડતાળના ૨૧મા દિવસે દિલ્હી પોલીસ દ્વારા બળજબરીપૂર્વક સફદરજંગ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા બરખા ત્રેહાન તરીકે ઓળખવામાં આવેલી આ મહિલા, દીપકેના સંબોધન દરમિયાન તેમની તરફ ચાલીને આવી હતી અને તેમના પર વાદળી શાહી ફેંકી હતી, જેનાથી કાર્યક્રમમાં થોડીવાર માટે વિક્ષેપ પડ્યો હતો. જોકે, સ્વયંસેવકો અને સમર્થકોએ તેને કાબૂમાં લીધી હતી. કેટલાક સમર્થકો સ્ટેજ તરફ દોડી આવતાં દીપકેએ તેમને વારંવાર બેસી રહેવા અને ઉશ્કેરાઈ ન જવા અપીલ કરી હતી. ઘટના બાદ દીપકેએ કહ્યું, "વાદળી મારો રંગ છે. જય ભીમ." પોલીસ ત્રેહાનને ઘટનાસ્થળેથી બહાર લઈ ગઈ હતી. જ્યારે તેને લઈ

...અનુસંધાન પાના 11 પર

### વાંગચુકને હોસ્પિટલમાં ખસેડાયા પછી દીપ્કેએ અનશન શરૂ કર્યા

**CJPના** આ સ્થાપકે કહ્યું કે ૨૦ જુલાઇની સંસદ કૂચનો કાર્યક્રમ યથાવત છે

નવી દિલ્હી, તા. ૧૮(PTI): દિલ્હી પોલીસે આંદોલનકારી સોનમ વાંગચુકને જંતર-મંતર પ્રદર્શન સ્થળ પરથી સફદરજંગ હોસ્પિટલમાં ખસેડ્યાના થોડા જ સમય બાદ, 'કોકરોચ જનતા પાર્ટી'(CJP)ના સ્થાપક અભિજીત દીપ્કેએ શનિવારે અનિશ્ચિત મુદ્દતના ઉપવાસ શરૂ કર્યા હતા. પોલીસની આ કાર્યવાહી બાદ યુવાઓની આગેવાની હેઠળના આ સંગઠને પોતાનું આંદોલન વધુ તેજ કર્યું છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાજીનામાની માંગ કરી છે. આ સાથે જ તેમણે ૨૦ જુલાઈએ પૂર્વયોજિત સંસદ કૂચ

...અનુસંધાન પાના 11 પર

# ભારતનું પ્રથમ પ્રાઈવેટ રોકેટ 'વિક્રમ-૧' સફળતાપૂર્વક લોન્ચ

**ખાનગી** ઓર્બિટલ રોકેટ 'વિક્રમ-૧ ટેસ્ટ ફ્લાઇટ-૧' ટેક્નોલોજીકલ પેલોડ્સ અને અન્ય વસ્તુઓને ભ્રમણ કક્ષામાં મૂકવામાં સફળ

**'મિશન** આગમન' સાથે ભારતના અવકાશ ક્ષેત્રમાં લોન્ચિંગ ક્ષેત્રે ખાનગી ક્ષેત્રનો પ્રવેશ

**અમેરિકા**, ચીન પછી ખાનગી લોન્ચિંગ ક્ષમતા ધરાવનાર ભારત ત્રીજો દેશ બન્યો




શ્રીહરિકોટા(આંધ્રપ્રદેશ), તા. ૧૮(પીટીઆઈ): ભારતનું પ્રથમ સ્વદેશી ખાનગી ઓર્બિટલ રોકેટ 'વિક્રમ-૧ ટેસ્ટ ફ્લાઈટ-૧' તેની પ્રથમ સફરમાં શનિવારે લો અર્થ ઓર્બિટ (પૃથ્વીની નીચલી ભ્રમણ કક્ષા)માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના લોકોનાં પોસ્ટકાર્ડ્સ તથા અનેક ટેક્નોલોજી ડેમોન્સ્ટ્રેશન પેલોડ્સને સફળતાપૂર્વક સ્થાપિત કરવામાં સફળ રહ્યું છે. મોદીએ આ મિશનને દેશની અવકાશ યાત્રાની એક 'નિર્ણાયક ક્ષણ' ગણાવી છે.

'મિશન આગમન' નામનું આ મિશન ભારતના ખાનગી અવકાશ ક્ષેત્રના ઓર્બિટલ લોન્ચ માર્કેટમાં પ્રવેશનું પ્રતીક છે, જેનું નેતૃત્વ હૈદરાબાદ સ્થિત 'સ્કાયરૂટ એરોસ્પેસ' દ્વારા કરવામાં આવ્યું છે. કંપનીએ જણાવ્યું હતું કે આ મિશન ભવ્ય રીતે સફળ રહ્યું છે. ચાર તબક્કાના, સાત માળ ઊંચા વિક્રમ-૧ રોકેટે વાદળછાયા આકાશ વચ્ચે બપોરે ૧૨.૦૫ વાગ્યે ઈસરોના સતીશ ધવન સ્પેસ સેન્ટરના પ્રથમ લોન્ચ પેડ પરથી ભવ્ય રીતે ઉડાન ભરી હતી, જે તેની પાછળ નારંગી

...અનુસંધાન પાના 11 પર

### અંતરિક્ષમાં ગયું સોનાનું રોકેટ અને હીરો: વિક્રમ-૧ માં પીએમ મોદીનો 'વંદે માતરમ્' સંદેશ પણ મોકલાયો

લોન્ચ વ્હીકલ દ્વારા કોસ્મિક બ્લૂમ નામનો એક કૃત્રિમ હીરો, ૧૮ કેરેટ સોનાનું રોકેટ અને વડાપ્રધાન મોદીનો હસ્તલિખિત પોસ્ટકાર્ડ કે જેના પર 'વંદે માતરમ્' નો સંદેશ લખેલો હતો, તે એન્જિનિયરો, વૈજ્ઞાનિકો અને ભારતીય અંતરિક્ષ યાત્રીઓના પત્રકારો સાથે સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો હતો. કંપનીએ જણાવ્યું હતું કે, આ નાનકડા માઇક્રો-આર્ટ પેલોડમાં ભારતના અવકાશ કાર્યક્રમના પ્રણેતા વિક્રમ સારાભાઈ, વૈજ્ઞાનિક સર સી. વી. રમણ અને પૂર્વ રાષ્ટ્રપતિ એ. પી. જે. અબ્દુલ કલામના લઘુ શિલ્પો લઈ જવામાં આવ્યા છે, જે 'ભારતની વૈજ્ઞાનિક અને અવકાશ યાત્રાને આકાર આપનારા ત્રણ સ્વપ્નદ્રષ્ટાઓને શ્રદ્ધાંજલિ' તરીકે તૈયાર કરવામાં આવ્યા છે.

### તા. ૧૮-૦૭-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૧૫૪.૮૮ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૪.૮ સે. | ૨૬.૪ સે. | ૫૫% |

# અમદાવાદમાં ફટાકડાની ફેક્ટરીમાં બ્લાસ્ટ સાથે ભીષણ આગમાં 10નાં મોત, 10થી વધુ ઘાયલ

**લાયસન્સ** રદ હોવા છતાં ફેક્ટરી ચાલુ હોવાના ખુલાસાથી તંત્ર સામે ગંભીર સવાલો;

**આગના** કારણોની તપાસ શરૂ, ફેક્ટરી માલિક સહિત ત્રણની ધરપકડ

અમદાવાદ: અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારના રામોલ-ગતરાડ રોડ પર આવેલા મહેમુદપુરા વિસ્તારમાં આવેલી ફટાકડાની ફેક્ટરીમાં શનિવારે બપોરે થયેલા ભીષણ વિસ્ફોટ બાદ આગની ઘટનામાં 10 લોકોનાં મોત થયાં છે, જ્યારે 10થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાનું પ્રાથમિક માહિતીમાં સામે આવ્યું છે.

આ અંગે પ્રાથમિક માહિતી મુજબ બપોરે 4 વાગ્યાની આસપાસ અમદાવાદના મહેમુદપુરા સ્થિત ટેલેન્ટ ફટાકડા ફેક્ટરીમાં અચાનક વિસ્ફોટ થતાં આગ ભભૂકી ઊઠી હતી. ફેક્ટરીમાં મોટી માત્રામાં ફટાકડાનો જથ્થો અને વિસ્ફોટક સામગ્રી સંગ્રહિત હોવાથી આગે પળવારમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. અંદર કામ કરી રહેલા અનેક મજૂરોને બહાર નીકળવાની તક પણ મળી ન હોવાનું જાણવા મળ્યું છે.

આ ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની અનેક ટીમો, પોલીસ અને 108 એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. યુદ્ધના ધોરણે હાથ ધરાયેલી બચાવ કામગીરી દરમિયાન ઈજાગ્રસ્તોને એલ.જી. હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ સહિતની વિવિધ હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. અધિકારીઓના જણાવ્યા મુજબ એલ.જી. હોસ્પિટલમાં પાંચ અને સિવિલ હોસ્પિટલમાં ચાર ઘાયલોને દાખલ કરવામાં આવ્યા છે, જ્યારે અન્ય ઘાયલોની સારવાર પણ ચાલુ છે.

ફાયર વિભાગના સત્તાવાર સૂત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે આ ઘટનામાં બચાવ અને આગ બૂઝાવવાની કામગીરી માટે ફાયર વિભાગ દ્વારા 1 મિની ફાઇટર, 2 વોટર બાઉઝર (20 KL ક્ષમતાવાળા), 2 બોલેરો રેપિડ ઇન્ટરવેન્શન વ્હીકલ (RIV)

...અનુસંધાન પાના 11 પર

### લાયસન્સ રદ હતું છતાં ફેક્ટરી ચાલુ હોવાની જવાબદારી કોની?

મળતી માહિતી પ્રમાણે આ દુર્ઘટનામાં સૌથી ચોંકાવનારી બાબતે એ છે કે, જે ફટાકડાની ફેક્ટરીમાં બ્લાસ્ટ થયો તેનું લાયસન્સ અગાઉથી જ રદ થઈ ચૂક્યું હતું. તેમ છતાં ફેક્ટરી ચાલુ રહી હોવાના ખુલાસાથી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. આ ઘટનાએ અનેક પ્રશ્નો ઉભા કર્યા છે. જો લાયસન્સ રદ કરવામાં આવ્યું હતું તો સંબંધિત વિભાગોએ સ્થળ તપાસ કરી હતી કે નહીં? તપાસ થઈ હોય તો ફેક્ટરી બંધ કેમ ન કરાવવામાં આવી? અને જો કોઈ તપાસ જ ન થઈ હોય તો તેની જવાબદારી કોની છે? ફટાકડા જેવા અત્યંત જોખમી ઉદ્યોગમાં નિયમિત દેખરેખ અને સલામતીના કડક ધોરણો ફરજિયાત હોવા છતાં ગેરકાયદેસર રીતે ફેક્ટરી ચાલુ કેવી રીતે રહી તે મુદ્દે પણ સવાલો ઉઠી રહ્યા છે.

### કોઇ અધિકારીની સંડોવણી છે કે કેમ? સરકારની પણ ઉચ્ચસ્તરીય બેઠક

આ ઘટનામાં પોલીસે ઝડપી કાર્યવાહી કરતાં ફેક્ટરીના સંચાલક મેહુલ ડોડિયા સહિત ત્રણની ધરપકડ કરી છે. રામોલ પોલીસ અને અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે સંયુક્ત ઓપરેશન હાથ ધરી આરોપીઓને ઝડપી લઈને સમગ્ર ઘટનાની વિવિધ પાસાઓ પરથી તપાસ શરૂ કરી છે.
પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ દુર્ઘટના પાછળ સુરક્ષાની બેદરકારી, ફાયર સેફ્ટીના નિયમોનું પાલન અને ફેક્ટરી કાયદેસર રીતે ચાલતી હતી કે નહીં તે સહિતના મુદ્દાઓની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. સાથે જ ફેક્ટરીમાં કેટલા પ્રમાણમાં ફટાકડાનો જથ્થો સંગ્રહિત કરવામાં આવ્યો હતો અને તેની મંજૂરી હતી કે નહીં તે અંગે પણ માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. પ્રાથમિક માહિતી મુજબ ફેક્ટરીનું લાયસન્સ અગાઉથી જ રદ થઈ ચૂક્યું હોવા છતાં ત્યાં કામગીરી ચાલુ હતી. હવે પોલીસ એ દિશામાં તપાસ કરી રહી છે કે લાયસન્સ રદ થયા બાદ પણ ફેક્ટરી કેવી રીતે ચાલુ રહી, તેમાં અન્ય કોણ-કોણ સંડોવાયેલું હતું અને કોઈ અધિકારીની

...અનુસંધાન પાના 11 પર